## [2] અસાધારણ વર્તનનાં લક્ષણો

[1] અસાધારણ વર્તન કોને કહેવાય ?

અસાધારણ માટે અંગ્રેજીમાં Abnormal શબ્દનો ઉપયોગ થાય છે, જે Ab અને Normal એ બે શબ્દોનો બનેલો છે. Ab એટલે **થી દૂર** (Away from) અને Normal એટલે **સાધારણ**. આમ, Abnormal એટલે **સાધારણથી દૂર તે અસાધારણ.**

આમ, સામાન્ય કે પર્યાપ્ત વર્તનથી ખૂબ જ દૂર એવું વર્તન એટલે અસાધારા વર્તન.

જેમ્સ પેજ

અસાધારણ વર્તનને **ખામીયુક્ત, અતાર્કિક, વિધ્વંસક અને હાનિકારક** ગણાવે છે.

કોલમેન

**નૈતિક મૂલ્યોનું ધોરણ નીચું હોય તેવું વર્તન અસાધારણ હોય છે.**

કારસન, બુચર અને મિનેકા

**હાનિકારક હોય એવા પ્રતિઅનુકૂલિત કે કુસમાયોજિત વર્તનને અસાધારણ વર્તન કહે છે.**

વ્યક્તિનું, જૂથનું તેમજ વ્યક્તિ અને જૂથ બંનેનું વર્તન અસાધારણ હોઈ “ શકે.

માનવી પોતાના જીવનમાં સમાયોજન સાધીને સ્વસ્થ કે સાધારણ જીવન પસાર કરે છે, પરંતુ **જ્યારે તેનું વર્તન સમાયોજન ન સાધી શકે અને જીવન માટે હાનિકારક હોય ત્યારે તેવા વર્તનને** અસાધારણ વર્તન કહે છે. અસાધારણ વર્તન સ્થાયી બનતાં વ્યક્તિ માનસિક વિકૃતિનો ભોગ બને છે.

અસાધારણ વર્તનનાં મુખ્ય લક્ષણો કે લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે :

(1) સમાજવિરોધી વર્તન

(2) માનસિક અસમતુલન

(3) અપર્યાપ્ત સમાયોજન

(4) આંતરસૂઝયુક્ત વર્તનમાં ખામી

(5) વિઘટિત વ્યક્તિત્વ

(6) અસુરક્ષાની લાગણી

(7) આવેગાત્મક અપરિપક્વતા

(8) તણાવ અને અતિસંવેદનશીલતા

(9) પશ્ચાત્તાપની લાગણીનો અભાવ

(10) આત્મજ્ઞાન અને આત્મસન્માનમાં ખામી

(11) સામાજિક અનુકૂલનક્ષમતાનો અભાવ

(12) ‘સ્વ’નું અયોગ્ય મૂલ્યાંકન

(1) **સમાજવિરોધી વર્તન** (Antisocial Behavior):

અસાધારણ વર્તન એ સમાજમાન્ય વર્તન સાથે સુસંગત હોતું નથી, જ્યારે **સમાજમાન્ય ધોરણો કે નિયમો સાથે વ્યક્તિનું વર્તન બંધબેસતું ન હોય ત્યારે તે અસાધારણ વર્તન** કહેવાય છે. મોટા ભાગે આવા વ્યક્તિઓમાં સમાજવિરોધી વર્તન જોવા મળે છે. **આવી વ્યક્તિઓ સમાજના અન્ય લોકોનાં હિત-અહિતનું ધ્યાન રાખ્યા વિના તેમની સાથે સહકારયુક્ત વર્તન રાખવાને બદલે સ્વાર્થવૃત્તિ વધારે રાખે છે.** દા.ત. ચોરી કરવાની વૃત્તિ, હિંસા કરવી, બળાત્કાર કરવો, ખૂન કરવું વગેરે પ્રકારનાં વર્તન સમાજવિરોધી છે, જેમાં સામાજિક નિયમોનું ખંડન થાય છે. આથી આવા પ્રકારના વર્તનને સમાજવિરોધી વર્તન કહેવાય છે. જે અસાધારણ વર્તન છે.

(2) **માનસિક અસમતુલન** (Mental Imbalance):

અસાધારણ વર્તન ધરાવતી વ્યક્તિઓ માનસિક રીતે અસમતુલિત હોય છે.

**તેમનાં વિચારો, વર્તન વગેરેમાં અસ્થિરતા જોવા મળે** છે. તેઓ

**એક સમયે એક બાબત વિચારે, તરત જ બીજી બાબતની વિચારણા કરે અને પહેલાના વિચાર કરતાં ઊંધું જ વર્તન કરે છે.** આમ, સાધારણ વ્યક્તિ માનસિક રીતે સ્વસ્થ રહીને વિચારણા કરે છે અને જે-તે વિચારણાનો અમલ કરી શકે છે, તે અસાધારણ વર્તન ધરાવતી વ્યક્તિઓ કરી શકતી નથી, કારણ કે તેમનાં

વર્તન અને વિચારણામાં સુમેળ નહિ હોવાના કારણે તેઓ અસાધારણ વર્તનવાળા કહેવાય છે.

(3) **અપર્યાપ્ત સમાયોજન** (Poor Adjustment):

અસાધારણ વર્તન ધરાવતી વ્યક્તિઓનું સમાયોજન અપર્યાપ્ત જોવા મળે છે.

**પ્રતિસમાયોજિત વર્તનના કારણે મુશ્કેલી કે સમસ્યાનો ઉકેલ શોધવાને બદલે આવી વ્યક્તિઓ સમસ્યાથી દૂર ભાગે છે.**

**જુદા-જુદા પ્રકારની સામાજિક પરિસ્થિતિમાં તેમનું સમાયોજન વ્યવસ્થિત હોતું નથી.** આવી વ્યક્તિઓ સમાજની અન્ય વ્યક્તિઓ સાથે સુમેળથી વર્તવાને બદલે

**વારંવાર અને બિનજરૂરી સંઘર્ષોમાં ઊતરી પડે છે.** જેથી આવી વ્યક્તિ

**સગાંસંબંધીઓ, મિત્રો, કુટુંબીજનો, પડોશી, દરેકના તિરસ્કારને પાત્ર બને છે.** કેટલીકવાર તો અસાધારણ વર્તન ધરાવતી વ્યક્તિ **સમાયોજનના અભાવના કારણે પોતાના માટે કે આસપાસના લોકો માટે મુશ્કેલીઓ ઊભી** કરી દે છે.

(4) **આંતરસૂઝયુક્ત વર્તનમાં ખામી** (Lack of insightful behaviour):

વ્યક્તિમાં **આંતરસૂઝનો અભાવ** જોવા મળે છે.

આના **કારણે અસાધારણ વર્તન કરતી વ્યક્તિને સારું-ખરાબ, સાચું- ખોટું, નૈતિક અનૈતિક વગેરેનું જ્ઞાન હોતું નથી**.

**પોતાની જવાબદારી સમજીને સ્વીકારી શકતા નથી.**

**સામાજિક નિયમો કે બંધનોની પરવા હોતી નથી.**

તેઓ પોતાના મનમાં જે વિચાર આવે તેવું વર્તન કરે છે.

(5) **વિઘટીત વ્યક્તિત્વ** (Disorganised Personality):

વ્યક્તિનોના વ્યક્તિત્વ વિઘટિત હોય છે.

બોધાત્મક (Cognitive), ક્રિયાત્મક Motor ને અને ભાવાત્મક (Affective) બાબતોમાં યોગ્ય તાલમેલ હોતો નથી.

તેમના વર્તનમાં વ્યવસ્થા કે સંગઠન જેવા મળતું નથી.

તેમનું વ્યક્તિત્વ છિન્નભિન્ન બની જાય છે

તેથી તેમના વર્તન વિશે પૂર્વાનુમાન કરી શકાતું નથી.

તેઓ અવિવેકી, અસમતુલિત અને અસંગત બની જાય છે.

(6) **અસુરક્ષાની લાગણી** (Feeling of Insecurity):

વ્યક્તિઓ **અસુરક્ષા અને અસલામતીની લાગણી સતત અનુભવે**

આ વ્યક્તિઓ પોતે **સમાજનો જ એક ભાગ** છે. એવું સ્વીકારી શક્તા નથી.

**સમાજના અન્ય લોકો શંકાની નજરથી જુએ** છે.

તેઓને **સામાજિક પ્રસંગો કે બનાવોમાં વિચારોની આપ-લે માટે સામેલ કરતા નથી.**

આથી ધીરે-ધીરે તેઓની **અસુરક્ષાની લાગણી તીવ્ર બનતી જાય** છે અને છેવટે આવા વ્યક્તિઓ **સામાજિક ભાગીદારી સ્વીકારતા નથી**.

તેઓ હંમેશાં **ભયભીત મનોદશામાં જીવે** છે અને અસુરક્ષાની લાગણીથી પીડાય છે.

## (7) આવેગાત્મક અપરિપક્વતા (Emotional Immaturity):

**સાધારણ** લોકો આવેગોની અભિવ્યક્તિ **સ્વસ્થ** રીતે કરી શકે

અસાધારણમાં **આવેગાત્મક પુખ્તતાનો અભાવ**

આવેગોની **અભિવ્યક્તિ પર નિયંત્રણ નથી.**

કારણ વિના હસવું, રડવું, વિચિત્ર વર્તનો કરવાં

લગ્ન જેવા સારા પ્રસંગોએ રડવાની કે મૃત્યુ જેવા દુઃખદ પ્રસંગે હસવા જેવા આવેગો અનુભવે તેમનું **વર્તન તેમની ઉંમર, જાતિ, મોભો કે સ્થાનને અનુરૂપ હોતું નથી.**

જેમકે, નાનું બાળક શાળાએ જતાં પહેલાં ચોકલેટ માટે જીદ કરે

**(8) તણાવ અને અતિસંવેદનશીલતા (Tension and Hypersensitivity):**

વ્યક્તિ ખૂબ જ સંવેદનશીલ હોય છે. **નાની નાની બાબતોમાં ઉત્તેજિત** બની જાય

તે પોતાના **આવેગોની અભિવ્યક્તિ યોગ્ય રીતે કરી શકતી નથી.**

અસુરક્ષા કે અસલામતીની ભાવનાને કારણે તેઓ સતત **માનસિક તણાવ અનુભવે** છે.

તેઓ કોઈપણ પ્રકારનાં કાર્યોમાં પોતાનું **ધ્યાન કેન્દ્રિત કરી શકતી નથી.**

તેમના **વર્તનમાં પ્રાસંગિકતાનો અભાવ** જોવા મળે છે.

આમ, અસાધારણ વર્તન ધરાવતી વ્યક્તિ **સતત ચિંતા, તણાવ અને સંવેદનશીલતા અનુભવે** છે.

**(9) પશ્ચાત્તાપની લાગણીનો અભાવ (No feeling of Remorse):**

અસાધારણ વર્તન ધરાવતી વ્યક્તિમાં આંતરસૂઝનો અભાવ જોવા મળે છે. આથી પોતે કરેલું કાર્ય સારું છે કે ખરાબ છે એવું તેઓ નક્કી કરી શકતી નથી પોતે કરેલું કામ ખરાબ છે અને આવું કાર્ય ન કરવું જોઈએ એવો અફસોસ તેમને થતો જ નથી. વળી, પોતે કરેલું કાર્ય ખોટું છે એવી સમજ ન હોવાથી પશ્ચાત્તાપની વાત જ ઉદ્ભવતી નથી. એથી વધીને, તેઓ એક પછી એક ખોટા કાર્યો સતત કર્યાં જ કરે છે.

તેમને સમાજ, કુટુંબ, મિત્રો, પાડોશી, કોઈની ચિંત કે ડર હોતો નથી.

આથી તેઓ સમાજવિરોધી કાર્યો કરે છે અને પશ્ચાત્તાપ કરતી નથી.

**(10) આત્મજ્ઞાન અને આત્મસન્માનમાં ખામી (Lack of Self-Esteem and Self-Knowledge):**

અસાધારણ વર્તન કરતી વ્યક્તિના આત્મજ્ઞાન કે આત્મસન્માનમાં ખામી જોવા મળે છે.

તેઓ 'સ્વ'નું મૂલ્યાંકન કરી શકતી નથી, પોતાની શક્તિ- મર્યાદાઓથી પરિચિત હોતી નથી, આથી લોકો શા માટે પોતાનો અનાદર છે તે તેઓ સમજી શકતી નથી.

સામાજિક પ્રસંગોમાં તેઓ સુસમાયોજિત વર્તન કરે કરી શકતી નથી.

આથી તેઓ ટીકાનો ભોગ બને છે.

આવા પ્રકારની વ્યક્તિઓ પોતે અમુક રીતે વર્તન શા માટે કરે છે તે સમજી શકતી નથી.

આથી તેઓ વધુ ને વધુ પ્રતિસમાયોજિત બનતી જાય છે.

(11) **સામાજિક અનુકૂલનક્ષમતાનો અભાવ** (Lack of Social Adaptability):

અસાધારણ વર્તન કરતી વ્યક્તિઓમાં સામાજિક અનુકૂલનક્ષમતામાં ખામી જોવા મળે છે. આથી વ્યક્તિઓ પોતાનાં કુટુંબીજનો, સગાંસંબંધીઓ, મિત્રો, પાડોશીઓ વગેરે સાથે સંતોષકારક સામાજિક સંબંધો સ્થાપી શકતી નથી. તેઓ જે ઘરમાં રહે છે એ ઘરમાં તથા ઘરના અન્ય સભ્યો સાથે પણ અનુકૂલન સાધી શકતી નથી. તેઓમાં ‘સ્વ’ પ્રતિમાનો વિકાસ થયો નહિ હોવાના કારણે અને આવેગાત્મક અસ્થિરતા હોવાના કારણે સામાજિક રીતે પણ પ્રતિઅનુકૂલિત રહી જાય છે.

(12) **‘સ્વ'નું અયોગ્ય મૂલ્યાંકન** (Improper Evaluation of Self):

સાધારણ વ્યક્તિ પોતાની શક્તિ-મર્યાદા સહિત 'સ્વ'નું મૂલ્યાંકન કરી શકે છે, આથી અમુક કાર્ય પોતે કરી શકશે અથવા નહિ કરી શકે એવો તેમને ખ્યાલ હોય છે. અસાધારણ વર્તન કરતી વ્યક્તિ ‘સ્વ’નું યોગ્ય મૂલ્યાંકન કરી શકતી નથી. અગાઉ ચર્ચા થયા મુજબ, અસાધારણ વર્તન કરતી વ્યક્તિ પોતાની શક્તિ- મર્યાદાઓને જાણી કે ઓળખી શકતી નથી. પોતે જે કાર્ય કરે છે તે જ શ્રેષ્ઠ છે એમ માનીને કાર્ય કરે છે અને તેમાં નિષ્ફળતા મળે એટલે લઘુતાગ્રંથિ અનુભવે છે. પોતાની શક્તિ અનુરૂપ ધ્યેય પસંદ ન કરી શકવાને

કારણે તેમનામાં રહેલી નૈસર્ગિક શક્તિઓ કુંઠિત થઈ જાય છે, જેના કારણે તેમનું વર્તન વધુ ને વધુ અસાધારણ બનતું જાય છે.

[3] ઉપસંહાર

અસાધારણ વર્તન કરનાર વ્યક્તિ પોતાનાં લક્ષણોની તીવ્રતાનાં કારણે વધુ ને વધુ અસાધારણ બનતી જાય છે. જોકે ઉપરોક્ત દરેક લક્ષણ વ્યક્તિમાં એકસાથે હાજર હોય જ એવું ન પણ બને. છતાં કેટલાંક લક્ષણો તીવ્ર હોય તો વ્યક્તિનું વર્તન અસાધારણ તરફ આગળ વધતું જાય.

અહીં એ નોંધવું જોઈએ કે સમાજમાન્ય વર્તન એટલે સાધારણ વર્તન અને સમાજવિરોધી વર્તન એટલે અસાધારણ વર્તન. એટલે કે વ્યક્તિનું વર્તન સાધારણ છે કે અસાધારણ તે સમાજના નિયમોના આધારે નક્કી થાય છે. જેમકે અમેરિકામાં એક યુવક અને યુવતી જાહેરમાં અભદ્ર વર્તન કે ચેનચાળા કરે તો તે અસાધારણ વર્તન નથી, પરંતુ ભારતમાં ગામડાના અંતરિયાળ વિસ્તારમાં

પતિ-પત્ની એકબીજાનો હાથ પકડી રોડ પર સાથે ચાલે તે વર્તન અસાધારણ કહેવાય.

આમ, સમાજ કે સંસ્કૃતિના નિયમોના આધારે વ્યક્તિનું વર્તન સાધારણ છે કે અસાધારણ તે નક્કી કરી શકાય.